જિલ્લા નાયબ નિયામક, વિકસતી જાતિની કચેરી,
ઠે. જી–૬, એનેક્ષી બિલ્ડીંગ, બહુમાળી ભવન, ભાવનગર
ફોનનં. (૦૨૭૮) ૨૪૨ ૨૬ ૯૬ ઈ–મેઈલ આઈ.ડી. : dydir-dc-sw-bav@gujarat.gov.in

નં.વિજાક/સ.સા.(સાયકલ)/૨૦૧૯–૨૦/ તા. /૦૪/૨૦૧૯

**<u>ખુબ જ અગત્યનું</u>**
**સમય મર્યાદા**

પ્રતિ,
આચાર્યશ્રી,
.......................................................
મુ. .......... તા. ...........
જિ. ભાવનગર.

**વિષય :-** **<u>ધોરણ ૯ માં અભ્યાસ કરતી સામાજિક અને શૈક્ષણિક પછાતવર્ગ / આર્થિક પછાતવર્ગની વિદ્યાર્થીનીઓ (ફકત કન્યાઓ) ની "સરસ્વતી સાધના યોજના" હેઠળ સાયકલની દરખાસ્ત મોકલવા બાબત.</u>**

જયભારત સાથ ઉપરોકત વિષય અન્વયે જણાવવાનુ કે વર્ષ ૨૦૧૯ - ૨૦ માં રાજય સરકાર ધ્વારા સરસ્વતિ સાધના યોજના હેઠળ ધો. ૯ ની માધ્યમિક શાળામાં અભ્યાસ કરતી કન્યાઓને સાયકલ **<u>"પ્રવેશોત્સવ–૨૦૧૯"</u>** દરમ્યાન શાળા ખુલતા જ વિદ્યાર્થીનીઓને સાયકલ મળી રહે તે મુજબ સરકારશ્રીની સુચનાનુસાર આયોજન કરવાનું થતુ હોય, આપની શાળામાં ધોરણ –૯ માં અભ્યાસ કરતી સામાજિક અને શૈક્ષણિક પછાતવર્ગ / આર્થિક પછાતવર્ગ જાતિની વિદ્યાર્થીનીઓની ફકત કન્યાઓની આ સાથેના પત્રક–૧ પ્રમાણેની નિયત નમુનામાં **"સરસ્વતી સાધના યોજના"** ની દરખાસ્ત આ કચેરીમાં **<u>તા. ૩૧/૦૮/૨૦૧૯</u>** સુધીમાં બીનચુક રૂબરૂમાં રજુ કરવાની રહેશે. સમય મર્યાદામાં દરખાસ્ત મોકલવામા આવશે નહીં કે અધુરી દરખાસ્ત હશે અને કોઈ લાયક વિદ્યાર્થીની સાયકલથી વંચિત રહી જશે અને ભવિષ્યમા કોઈ પ્રશ્ન ઉપસ્થિત થશે તો તે સ્કૂલની જવાબદારી બનશે. સમગ્ર ધો.૯ માં કોઈ વિદ્યાર્થીની સાયકલ માટે પાત્ર ન હોય તો તેની વિના વિલંબે **<u>નીલ</u>** દરખાસ્ત પણ ફરજીયાત મોકલવાની રહેશે. આ દરખાસ્ત તૈયાર કરતી વખતે નીચે મુજબની શરતો ધ્યાને લેવાની રહેશે.

(૧) સામાજિક અને શૈક્ષણિક રીતે પછાતવર્ગની સરકારશ્રી ધ્વારા નકકી થયેલ જાતિઓની દરખાસ્ત પત્રક–૧ માં બે નકલમાં રજુ કરવાની રહેશે.

(૨) આર્થિક પછાતવર્ગની કન્યાઓની દરખાસ્તમાં જે જાતિનો અન્ય કોઈ કેટેગરી દા.ત. **<u>સા.શૈ.પ.વ., લઘુમતિ, વિચરતી વિમુકત જાતિમાં</u>** સમાવેશ ન થતો હોય તેવા ગરીબી રેખા હેઠળ જીવતા અને નીચેના વ્યવસાયોમાં રોકાયેલા હોય એવી કન્યાઓના વાલીઓનો આર્થિક રીતે પછાતવર્ગમાં સમાવેશ થાય છે. વાર્ષિક આવક મર્યાદા સા.શૈ.પ.વ. વર્ગ મુદ્દા (૪) મુજબ લાગુ પડશે. **વિશેષમાં જણાવવાનું કે, આર્થિક રીતે પછાત વર્ગના કિસ્સામાં વિદ્યાર્થીનીને મામલતદારશ્રી/ તાલુકા અધિકારીશ્રી દ્વારા જાતિનું પ્રમાણપત્ર (ESW) આપવા આવે છે જે દરખાસ્ત સાથે રજુ કરવાનુ રહેશે.**

(૩) **<u>આર્થિક પછાતવર્ગમાં જે કન્યાઓના માતા–પિતા કે જેઓનો વ્યવસાય હોઈ :–</u>** (૧) ખેત મજુરી (૨) ગ્રામ્ય કારીગરો (૩) સીમાંત ખેડૂતો (૪) અસંગઠીત અને અરક્ષિત શહેરી છુટક મજુરો (૫) હાથલારી વાળા (૬) પગ–રીક્ષા અને ઓટો રીક્ષાના ડ્રાઈવરો (૭) ઘોડાગાડી વાળા (૮) ઉંટગાડી વાળા (૯) પશુ ધ્વારા લારી ખેંચનારાઓ (૧૦) પશુપાલકો (૧૧) માછીમારો (૧૨) નાના દુકાનદારો. ઉકત – ૧૨ ધંધા – વ્યવસાય પૈકીના હોય તેવી કન્યાના વાલીનો આર્થિક પછાતનો દાખલો મેળવી આર્થિક રીતે પછાતવર્ગમાં દરખાસ્ત બે નકલમાં કરવાની રહેશે.



Scanned by CamScanner

૪) સદરહુ યોજનાનો લાભ નિયત કરેલ આવક ગ્રામ્ય વિસ્તારમાં વાર્ષિક રૂ.૧,૨૦,૦૦૦/- અને શહેરી વિસ્તારમાં રૂ.૧,૫૦,૦૦૦/- થી ઓછી આવક ધ્યાને લેવાની રહેશે તથા **સામેલ નિયત કરેલ ફોર્મ દરેક વિદ્યાર્થીની / તેના પિતા – વાલી પાસેથી મેળવી જરૂરી માર્કશીટ તથા વાર્ષિક આવકનું પ્રમાણપત્ર વર્ષ : ૨૦૧૯-૨૦ નું મેળવી જે તે શાળાએ તેના રેકર્ડ પર રાખવાનું રહેશે અને તે બાબતનું પ્રમાણપત્ર દરખાસ્તમાં આપવાનું રહેશે.**

(૫) ધો. ૯ માં શાળામાં પોતાના રહેઠાણના સ્થળેથી અન્ય ગામ, શહેર / સ્થળે અભ્યાસ કરતી કન્યાઓની અંતર મર્યાદા ધ્યાને લીધા વિના ફકત આવક મર્યાદા મુજબની દરખાસ્ત મોકલવાની રહેશે.

(૬) બક્ષીપંચમાં સમાવિષ્ટ કરેલ મુસ્લિમ જ્ઞાતિઓ જેવી કે **સિપાઈ, ઘાંચી, આરબ, ફકીર** વગેરે યોજનાથી વંચિત રહી ન જાય તેની ખાસ કાળજી રાખવાની રહેશે.

(૭) આ યોજના હેઠળ લાભ આપવામાં વાર્ષિક પરીક્ષામાં મેળવેલ ટકાવારી ધ્યાનમાં લેવામાં આવશે નહી. પરંતુ **ધો.૮ પાસ** હોવું જરૂરી છે.

(૮) શાળાની માહિતીમાં આ યોજના હેઠળ મળવાપાત્ર સહાયથી કોઈ પણ કન્યા રહી જવા ન પામે તેની ખાત્રી આચાર્યશ્રીએ જાતે કરવી અને ચોકસાઈ કર્યા બાદ દરખાસ્તની નીચે **બાકી રહેલ નથી** તેવુ પ્રમાણપત્ર આપવાનુ રહેશે.દરખાસ્ત મંજુર / નામંજુર થયા બાદ પાછળથી કોઈ પ્રશ્ન ઉપસ્થિત થશે તો જે તે શાળાના આચાર્યશ્રીની જવાબદારી રહેશે.

(૯) પત્રક-૧ માં વિદ્યાર્થીનીનું પુરૂં નામ તથા સરનામું તેમજ પિતાનું પૂરૂં નામ અવશ્ય દર્શાવવું.

(૧૦) આ યોજના હેઠળ **એક જ કુટુંબની બે બહેનો સુધી જ સાયકલ મળવાપાત્ર છે.** તે સિવાયની ત્રીજી સગી બહેન ધો.૯ માં અભ્યાસ કરતી હશે તો પણ આ યોજનાનો લાભ મળવાપાત્ર થશે નહી.

(૧૧) હાલ પુરતી કોઇ અન્ય વ્યવસ્થા ન થાય ત્યાં સુધી સામેલ પત્રક શ્રુતિ ફોન્ટમાં M.S. Excel ફોર્મેટમાં એક રો માં એક જ કન્યાની વિગત આવે તે રીતે સોફટકોપી તેમજ હાર્ડકોપીમાં સામેલ રાખી મોકલવાની રહેશે. સા.શૈ.પ.વ. તેમજ આ.પ.વ. ની દરખાસ્ત અલગ – અલગ સીટમાં તૈયાર કરવાની રહેશે.

(૧૨) દરખાસ્ત બે નકલમાં ફાઈલમાં વ્યવસ્થિત મોકલવાની રહેશે તેમજ અધુરી વિગત તથા સમયમર્યાદાબાદ કરવામાં આવેલ દરખાસ્ત ધ્યાને લેવામાં આવશે નહિ અને તે બાબતે જો કોઈ વિદ્યાર્થીની સાયકલથી વંચિત રહી જશે તો તેની સંપૂર્ણ જવાબદારી શાળાના આચાર્યની રહેશે.

(૧૩) વર્ષ ૨૦૧૯ – ૨૦ માંસરસ્વતી સાધના યોજનાની દરખાસ્ત સ્કોલરશીપની દરખાસ્તમાં ઓનલાઇન બનાવવાની થશે તેવી શકયતા છે, પરંતુ પ્રવેશોત્સવ સંદર્ભે શાળામાં પ્રવેશ સમયે સાયકલ આપવાની હોવાથી દરેક મોટી શાળાઓએ ધોરણ – ૯ માં પ્રવેશ સમયે આવકનું પ્રમાણપત્ર મેળવી લેવુ જેથી પ્રવેશોત્સવ પહેલા શાળાઓ દરખાસ્ત કરી શકે અને સાયકલ વિતરણથી સરળતા રહે જે ધ્યાને લેવા વિનંતી.

**જિલ્લા નાયબ નિયામક**
**વિકસતી જાતિ ભાવનગર**

**જિલ્લા શિક્ષણાધિકારીશ્રી**
**ભાવનગર**

**નકલ જયભારત સાથ રવાના:-**

૧) નિયામકશ્રી,વિકસતી જાતિ કલ્યાણ ખાતુ,ગુ.રા.,ગાંધીનગર
/- જાણ શારૂ.



Scanned by CamScanner

વિધાર્થીનીનું નામ :–
પિતા / વાલીનું નામ :–
સરનામું :–
તારીખ :–

પ્રતિ
આચાર્યશ્રી,

.............................................

.............................................

**વિષય :– સરકારશ્રીની સરસ્વતિ સાધના યોજના હેઠળ સાયકલ મળવા અંગે.**

સવિનય ઉપરોકત વિષય અન્વયે જણાવવાનું કે, હું આપની શાળામાં ધો. ૯ માં વર્ષ : ૨૦૧૯–૨૦ માં અભ્યાસ કરું છું. સરકારશ્રીની સરસ્વતિ સાધના સહાય યોજના હેઠળ સાયકલ મળવા બાબતે આ અરજી કરું છું. મારી વિગત નીચે મુજબ છે.

(૧) વિધાર્થીનું પુરૂં નામ :–
(૨) પિતા / વાલીનું પુરૂં નામ તથા હાલનું સરનામું :–
(૩) જાતિ / પેટા જાતિ :–

(૪) કુટુંબના સભ્યોની સંખ્યા :– તે પૈકી કમાનાર સભ્યોની સંખ્યા :–

(૫) હાલનું રહેઠાણ માલિકીનું છે કે ભાડાનું :–
ભાડાનું હોય તો ભાડાનું મકાન
(૬) મકાનનો વાર્ષિક ઘરવેરો :–

(૭) તમારા કે તમારા કુટુંબનમા વડાના નામે
બે પૈડા વાળુ વાહન ધરાવો છો ? તો તેની વિગત :–

(૮) તમારા રહેઠાણના મકાનમાં વિજળીનું જોડાણ છે ? :–
જો હા તો તેનું માસિક બીલ, છેલ્લા બીલની નકલ જોડવી

(૯) તમારા મકાનમાં ટેલીફોન જોડાણ છે ? જો હા તો :–
તેના નંબર તથા માસીક બીલ, છેલ્લા બીલની નકલ રજુ કરવી.

(૧૦) તમારા કુટુંબના વડાના રહેઠાણનાં રંગીન ટેલીવિઝન છે ?
તેમાં કેબલ જોડાણ છે તો તેનું માસીક ભાડું :–

(૧૧) તમારા કુટુંબના સભ્ય પૈકી પુખ્ત ઉંમરના સભ્યોનો ધંધો,
વ્યવસાય, નોકરીનું કમાણીનું સાધન શું છે તેની વિગત રજુ કવરી.

(૧૨) તમારા કુટુંબમાં કોઈપણ સભ્ય આવક વેરો ભરે છે ? જો હા તો
આવક વેરાનું રીર્ટન તથા પાન નંબર રજુ કરવો.

(૧૩) ખેતીની જમીન ધરાવો છો ? ખેતીની વાર્ષિક આવક :–



Scanned by CamScanner

## :: પિતા / વાલીએ આપવાનું થતું બાહેંધરી કબુલાત નામું ::

આથી હું શ્રી.......................................................................................................................... મારી પુત્રી ........................................................................ શાળામાં ધો. ૯ માં અભ્યાસ કરે છે. તેની સાયકલ સહાય મેળવવા માટે સદર સ્કુલમાં અરજી કરવામાં આવેલ છે અને અરજી સાથે જરૂરી આધાર / પુરાવાઓ રજુ કરવામાં આવેલ છે. તે ઉપરાંત ઉપરોક્ત હકીકત રજુ કરું છું. આ તમામ હકીકત પૈકી કોઈપણ હકીકત ખોટી કે આધાર વિનાની મળી આવેલી સાબિત થશે તો મારી સામે કાયદેસરની કાર્યવાહી કરવા આથી હું બાહેંધરી આપું છું.

સ્થળ :

તારીખ :

અરજદારની સહી

વાલીની સહી

Scanned by CamScanner

**–::પત્રક–૦૧::–**

**શાળાનું નામ:.........................................................................................**

**આચાર્યશ્રીનુ નામ.......................................ફોન/મોબાઈલ નંબર............................**

**કર્મચારીનું નામ.......................................ફોન/મોબાઈલ નંબર............................**

વર્ષ : ૨૦૧૯–૨૦ માં ધોરણ –૯ માં અભ્યાસ કરતી સામાજિક અને શૈક્ષણિક પછાતવર્ગ / આર્થિક પછાતવર્ગની કન્યાઓની **"સરસ્વતી સાધના યોજના "** હેઠળ સાયકલ સહાય અંગેની વિગત દર્શાવતુ પત્રક **(વાર્ષિક આવક મર્યાદા શહેરી વિસ્તાર માટે રૂા.૧,૫૦,૦૦૦/– અને ગ્રામ્ય વિસ્તાર માટે રૂા.૧,૨૦,૦૦૦/–)**

| અનુ.ન. | શાળાનું નામ | વિદ્યાર્થીનીનો જનરલ રજી.નંબર | વિદ્યાર્થીનુ નામ/ પિતાનુ નામ (અટક પ્રથમ લખવી) | રહેઠાણનું સરનામુ | તાલુકો | જાતિ/ પેટાજાતી | પિતા/વાલીની વાર્ષીક આવક રૂા. | પિતાનો વ્યવસાય | રીમાર્કસ |
|---|---|---|---|---|---|---|---|---|---|
| | | | | | | | | | |
| | | | | | | | | | |

**પ્રમાણપત્ર**

આથી પ્રમાણપત્ર આપવામાં આવે છે કે પત્રક–૧ માં દર્શાવેલ ક્રમ નં ૧ થી..........સુધીની વિદ્યાર્થીની અત્રેની શાળામાં ધોરણ ૯ માં અભ્યાસ કરે છે. આ યોજના હેઠળ ઉપર દર્શાવ્યા મુજબની આવક મર્યાદાના ધોરણે પાત્ર ઠરતી હોય તેવી ધો.૯ની સામાજિક અને શૈક્ષણિક પછાતવર્ગ / આર્થિક પછાતવર્ગ જાતિની કોઈ પણ વિદ્યાર્થીની હવે બાકી રહેતી નથી. તેમજ આ કન્યાઓને આ યોજના હેઠળ અગાઉ સાયકલ મળેલ નથી તેની રેકર્ડ ઉપરથી ખાત્રી કરી આ પ્રમાણપત્ર આપવામાં આવે છે.

વાલી પાસેથી મેળવેલ અરજીપત્રક તથા આવકના દાખલા શાળાના રેકર્ડ ઉપર રાખેલ છે.

**આચાર્ય**

**સ્થળ:** **સહી/સીકકા**

**તારીખ:**



Scanned by CamScanner